પ્રસ્તાવના.

આ અમારા વિશાલ આર્યાવર્ત્ત દેશમાં આ સમય સ્ત્રીયોમાં વિદ્યા બહુ કમ જોવામાં આવે છે. પૂર્વ સમયમાં તો અનુસૂયા, શકુન્તલા, સુલભા, ગાર્ગી, મૈત્રેયી, લીલાવતી આદિ કેવી વિદ્યાવતી, સુશીલા અને મહા પ્રતાપવંતી હતી, જેઓનાં નામ હજુ સુધી પણ આપણા ગ્રંથોમાં કાયમ રહેલાં છે. પરંતુ આ સમયમાં તો "એવી સ્ત્રી દુર્લભ" એ કેવી શોકજનક વાત છે. જેથી મારો વિચાર "સ્ત્રીઓમાં વિદ્યોન્નતિ" થવા માટે આ લઘુ ગ્રંથ રચીને બાહાર પાડવાનો છે, જેમાંની કેટલીક શિક્ષાઓ સ્ત્રીઓને અત્યંત ઉપયોગની લખેલી છે તે પણ વળી કઠિન શબ્દ વિનાની અને સરળ ગુજરાતી ભાષામાં છે.

જેથી મારી પ્યારી બ્હેનોને તે તરતજ સમજવામાં આવશે. એના બીજા ભાગમાં શાસ્ત્રનાં સં-

સૂત્ર પ્રમાણો સહિત આ ઉપયોગી સદુપદેશ લખવાનો મારો વિચાર છે. "સુજ્ઞ બ્હેનો" આ મારો પ્રથમનો પ્રયાસ છે માટે કોઇપણ પ્રકારની અશુદ્ધિ એમાં હશે જે તમે સુધારીને વાંચશો. કિંબહુના.

લિ૦ આપની શુભ ચિંતક—

રતનબાઇ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

—:o:—

કચ્છમાં સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવા વિદુષી રત્નબાઇ બહુ શ્રમ લેછે એ ખુશી થવા જેવું છે. એ બાઇ વિદ્યાર્થીઓને પોતાથી બનતી મદદ કરી વિદ્યાભ્યાસ કરાવી નિપુણ બનાવે છે જેના ઘણા દાખલા મારા જોવામાં આવ્યા છે. સદ્ગુણી બાઇની વિદ્વતાને લીધેજ તેમની બનાવેલ "સ્ત્રી-શિક્ષા"ની ચોપડીની પ્રથમાવૃત્તિ ઝપાટાબંધ ખલાસ થઇ જવાથી બાઇશ્રીની બીજી આવૃતિ છપાવવા જીજ્ઞાસા થતાં એ કામ સ્ત્રી કેળવણીમાં વધારો થઇ બાળાઓ યોગ્ય શિક્ષણ લે એમ ધારી તે કામ પાર પાડવા મેં મારા માથે ઉઠાવેલ છે.

વિદ્વાનના હાથથી લખાયેલાં પુસ્તકો પ્રસિદ્ધીમાં લાવવાના મારા ઉત્સાહમાં વિદુષી બાઇ રત્નબાઇએ "સ્ત્રી શિક્ષા"નાં પુસ્તકની બીજી આવૃતિનો હક આપી વધારો કરેલ છે. ..

મને આશા છે કે, આ પુસ્તકને હરેક કુટુંબ પોતાની બાળકીઓનાં હિત ખાતર પ્રચાર કરવા ફરજ સમજશે અને તેમ થશે તો હું મારા કામમાં ફતેહમંદ થયેલો સમજીશ.

પ્રસિદ્ધ કર્તા

દવે જીવરામ હરીશંકર.

હરેક જાતનાં પુસ્તકો વેચનાર તથા છપાવનાર.

૬૧૪૬

સ્વર.

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ

વ્યંજન.

કખગઘઙ. ચછજઝઞ. ટઠડઢણ. તથદધન.

કખગઘઙ. ચછજઝઞ. ટઠડઢણ. તથદધન.

પફબભમ. યરલવશ. સષહળ ક્ષજ્ઞ.

પફબભમ. યરલવશ. સષહળ ક્ષજ્ઞ.

બારાખડી.

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

ખ ખા ખિ ખી ખુ ખૂ ખે ખૈ ખો ખૌ ખં ખઃ

જોડાક્ષરનું કોષ્ટક.

	ત	ન	મ	ય	ર	વ
	ત	ન	મ	ય	ર	વ
ક	ક્ત	ક્ન	ક્મ	ક્ય	ક્ર	ક્વ
ક	ક્ત	ક્ન	ક્મ	ક્ય	ક્ર	ક્વ
ત	ત્ત	ત્ન	ત્મ	ત્ય	ત્ર	ત્વ
ત	ત્ત	ત્ન	ત્મ	ત્ય	ત્ર	ત્વ
પ	પ્ત	પ્ન	પ્મ	પ્ય	પ્ર	પ્વ
પ	પ્ત	પ્ન	પ્મ	પ્ય	પ્ર	પ્વ
સ	સ્ત	સ્ન	સ્મ	સ્ય	સ્ર	સ્વ
સ	સ્ત	સ્ન	સ્મ	સ્ય	સ્ર	સ્વ
	હ્ત	હ્ન	હ્મ	હ્ય	હ્ર	હ્વ
	હ્ત	હ્ન	હ્મ	હ્ય	હ્ર	હ્વ

૧ પરમેશ્વર ને સદા યાદ કરવો.
૨ પાપ ન કરવું.
૩ ગુરૂ પતિ પિતા આદિનો સત્કાર કરવો.
૪ સદા સત્ય બોલવું.
૫ પાપીનો સંગ ન કરવો.
૬ કોઇ સાથે ન વઢવું.
૭ ઉત્તમ ધન વિદ્યા ને સમજવું.
૮ નિત્ય સ્નાનાદિ કરવું.
૯ આલસ્ય ન કરવું.
૧૦ ઘર વાસણ વિગેરેને સ્વચ્છ રાખવાં.
૧૧ રસોઇ મન લગાડીને કરવી.
૧૨ ઘરની હાલત કોઇને ન કહેવી.
૧૩ ઉત્તમ કર્મ તરત કરવું.
૧૪ સંતાનને વિદ્યા શીખવવી.
૧૫ કોઇની નિંદા ન કરવી.
૧૬ કામ ક્રોધને તજવાં.
૧૭ અતિથિ વિદ્વાનનો સત્કાર કરવો.
૧૮ પરમેશ્વર તથા સત્યથી બીવું.

૧૯ વિચારીને વાત કરવી.
૨૦ કોઇનો દોષ ન કહેવો.
૨૧ ધન ને વિદ્યાનું પ્રેમથી દાન કરવું.
૨૨ સુશીલ વિદ્વાનનો સત્સંગ કરવો.
૨૩ થોડું બોલવું. થોડું જમવું.
૨૪ કોઇનું બુરૂં ન કરવું.
૨૫ સદા ભલાઇ કરવી.
૨૬ નેકી મેહેનત લઇને કરવી.
૨૭ જેમ પરમેશ્વર પ્રસન્ન થાય તેમ કરવું.
૨૮ છલી, કપટીની પાસે ન જવું.
૨૯ પરમેશ્વરને સદા વ્યાપક સમજવો.
૩૦ વેદ વિહિત તે ધર્મ ને તેથી વિરૂદ્ધ તે અધર્મ સમજવો.

આરચા.

વિશ્વંભરવિખ્યાતા, ઇશ્વરતૂંછે સૃષ્ટિનો સૃજતા ॥
વંદનમનકરીને, દેવમુનિજન સદાકાળભજતા ॥૧॥

૧ મારીપ્યારી બેહેનો તમે સદા સવારે ઉઠીને પરમેશ્વરને યાદ કરો કે જે પરમેશ્વરે સર્વ જગતને પેદા કીધું, અને આપણાં માબાપ વિગેરે સંબંધિઓને પેદા કીધા. જે પરમેશ્વરે આપણને હાથ, પગ, આંખ, કાન, વિગેરે અમૂલ્ય અંગો આપ્યાં, અને પુણ્ય પાપ સમજવા સારૂં બુદ્ધિપણ આપી છે. તે પરમેશ્વરની પ્રાર્થના કરો કે હે કૃપાનાથ, આજનો દિવસ સારી રીતે વિતીત થાઓ, ને મારીપાસેથી તારી આજ્ઞાનાં પાલનરૂપ ઉત્તમ કર્મો થાય, નઠારાં કર્મો શરીરથી તો શું પણ મનથીએ ન થાય, એવી કૃપા કરો. તારૂં સ્મરણ મારાં મનમાં હમેશ રહેવું જોઇએ જેથી આ ક્ષણભંગુર સંસારમાં મારૂં કલ્યાણ થાય એવી હું પ્રાર્થના કરૂંછું. તમે સર્વના અંતર્યામી છો. માટે આ મારી પ્રાર્થના સાંભળીને

એવી કૃપા કરશો કે જેથી હું ઉત્તમ આચરણ-વાળી થઇને તમારૂં ધ્યાન કરી મુક્તિનું પાત્ર થાઉં.

૨ બેહેનો, જો કદી તમે છુપીને પાપ કર્મ કરશો, તોપણ તેનાં ફલ દુઃખ ભોગવવાં પરશે. કેમકે ફલપ્રદાતા સર્વાંતર્યામી પરમેશ્વર સર્વ ઠેકાણે જુએ છે, માટે દરેક પ્રસંગે પરમેશ્વરને હાજર સમજી છુપી ને પણ પાપ કર્મ કરવાં નહીં.

૩ સુજ્ઞ બેહેનો, ગુરૂ માતાપિતા, સાસુસસરા, તથા પોતાના પતિનો હમેશાં સત્કાર કરો. ગુરૂએ વિદ્યાભ્યાસ કરાવી પતિવ્રતનો ધર્મ તેમજ સગાં સંબંધિઓની સાથેની વર્તણુક તથા તેમની સાથેનો સંસારિક વ્યવહાર ઇત્યાદિ આ જન્મ તથા પરલોકમાં પણ સુખદાઇ સાધનો બતાવ્યાં જેથી તેનો આભાર માનવો એ આપણો ખરો ધર્મ છે. પીયરમાં મા બાપનું કહેલું માનવું જોઇએ. કેમકે તેઓએ જન્મ આપ્યો છે. જ્યારે તમે સાસરે આવો ત્યારે તો સાસુ સસરાને માબાપ સમજીને તેઓની હમેશાં ચાકરી કરવી ને આજ્ઞા પાળવી.

અને તેઓ સાથે કદીપણ કજીઓ કરવો નહીં. સાસુ સસરાનો પણ ધર્મ એજ છે કે પોતાના પુત્રની વહુને હમેશાં પુત્રી જેવી સમજીને નાના અપરાધોમાં તેને ઠંપલો આપવો નહીં, કારણ કે બાલ્યાવસ્થામાં સ્વાભાવિક અપરાધો થઈ જાય છે, માટે વહુને પ્રેમથી શિખામણ આપવી પણ વિરોધ કરવો નહીં. વળી સ્ત્રીનો પરમ ધર્મ એ છે કે જેમ પોતાનો પતિ રાજી રહે તેમ કરવું. પતિની આજ્ઞાથી વિપરીત કાંઇ કરવું નહીં. પતિવ્રતા સ્ત્રીના કહેવામાં પતિ હમેશાં રહે છે. માટે ધર્મ કર્મ કરવામાં પતિ નાપાડે નહીં. જે સ્ત્રી પતિની આજ્ઞાનો ભંગ કદી પણ કરતી નથી, તેને અક્ષય સ્વર્ગ મળે છે માટે પતિની આજ્ઞામાં રહેવું, ને પતિનું હમેશાં માન રાખવું. પતિનો પણ એજ ધર્મ છે કે પોતાની પતિવ્રતા સ્ત્રીનું માન રાખવું ને નાના અપરાધોમાં મારવા ઉઠવું નહીં.

૪ વહાલી બેહેનો, તમારે સર્વ કાર્યોમાં સત્ય બોલવું, પણ જુઠું કદી બોલવું નહીં. કેમકે જુઠું

બોલનારી સ્ત્રીનો કોઇ વિશ્વાસ કરતું નથી. તેમ જુઠીમાં કોઇની પ્રીતિ પણ રહેતી નથી. પરમેશ્વર સાચો છે, તેને સત્ય પ્યારૂં છે. માટે પરમેશ્વરની પ્રસન્નતા સારૂ સાચું બોલવું. કે જે આ લોક તથા પરલોકમાં પણ સુખદાયક છે. અને જુઠું બોલવું તે હાનિકારક છે. કહેવત છે કે "સાચને કદી ન આવે આંચ."

૫ પ્યારી બેહેનો, નઠારા પાપી પુરૂષ વા નઠારી સ્ત્રી પાસે બેસવું નહીં. કારણ કે તેના પાસે બેસવાથી લોકમાં આપણી અપકીર્ત્તિ થાય. અને તેના સંગની અસર પણ થાય.

૬ ઘણી સ્ત્રીઓનો એવો સ્વભાવ હોય છે કે પોતાના સાસુ સસારા, દેરાણી, જેઠાણી કે પાડોશીઓ સાથે કજીઆ કરતી રહે છે, તેમ કરવું નહીં. કારણ કે કજીઆ કરવાથી ખોટાં પરિણામ નીવડે છે. ને મન અશાન્ત રહે છે. તેથી કદી સુખ પ્રાપ્ત થતું નથી.

૭ મારી વહાલી બેહેનો, સર્વ ધનોમાં વિદ્યા ધનને ઉત્તમ સમજો. કારણ કે વિદ્યારૂપી ધનને ચોર ચોરી શકતો નથી. સંબંધિ લોકોકે ભાઇઓ ભાગ પાડી શકતા નથી. તેમ વળી વિદ્યારૂપી ધન, દાન કરવાથી વૃદ્ધિ પામે છે. માટે વિદ્યાનો અભ્યાસ અવશ્ય કરવો જોઇએ. વિદ્યા નાની અવસ્થામાં આવડે છે. મોટી અવસ્થામાં જાહેર રીતે કેળવણી લેવાતી નથી. માટે નાની વયમાંજ વિદ્યાભ્યાસ કરવો. જેઓનાં માબાપ પોતાનાં છોકરાંઓને વિદ્યાભ્યાસ કરાવતાં નથી તે બાળકોનાં શત્રુ છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે. વળી જે વિદ્યાવતી છે તે પોતાનો નિર્વાહ સુખથી કરે છે. અને જે વિદ્યાહીન સ્ત્રીઓ છે તેઓનો નિર્વાહ ઘણાં દુઃખથી થાય છે. અને પારકી સખ્ત નોકરી કરવાથી જેવીકે પાણી ભરવું, લોટ દળવો, દાસીપણું કરવું, ઇત્યાદિ. તેથી પણ સારી પેઠે ભરણ પોષણ થતું નથી. ત્યારે ધર્માધર્મનું કે પરમેશ્વરનું જ્ઞાન તો ક્યાંથીજ થાય ! ધર્મનું સ્વરૂપ

સમજ્યાવિના ધર્મ થઈ શકતો નથી. તેમ અધર્મનું સ્વરૂપ સમજ્યાવિના અધર્મ ત્યાગ થતો નથી. અને ધર્મ કર્યા વિનાને ઇશ્વરના જ્ઞાન વગર મનુષ્ય જન્મ વ્યર્થ જાય છે. કેમકે આહાર નિદ્રા ભય વગેરે પશુઆદિ સર્વ શરીરોમાં સમાન છે, પરંતુ ધર્મ એ મનુષ્યનું ભૂષણ છે અને ધર્મથી સારીગતિ થાય છે. તથા તે સમજવામાં મુખ્ય સાધન વિદ્યાભ્યાસ છે. માટે વિદ્યાભ્યાસ અવશ્ય કરવો જોઇએ. જે માણસે નાની વયમાં વિદ્યાભ્યાસ કર્યો નથી તેને પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે છે. જે માણસ કાંઈ વિદ્યા જાણે છે તેનું પરદેશમાં પણ માન થાય છે, મૂર્ખનું માન તો ઘરમાં પણ નથી થતું ત્યારે પરદેશમાં થવાની આશાજ શી?

૮ બેહેનો, તમે સદા સવારમાં ઉઠીને શૌચ સ્નાન કરો કે શુદ્ધ વસ્ત્ર પેહેરો કેમકે સ્નાનાદિક કર્યાવિના શરીરમાં આળશ આવ્યા કર છે. અને અને રોગો પણ થાય છે. વળી અશુદ્ધ શરીરથી દેવપુજાદિક, કોઇ ઉત્તમ કર્મો થઈ શકતાં નથી.

માટે નિત્ય શૌચ સ્નાનાદિક કરી ધોએલાં વસ્ત્ર પહેરવાં.

૯ કેટલીક બાઇઓનો સ્વભાવ એવો હોય છે કે સ્નાન કરવું નહીં. ઘરનાં કામ કરવાં નહીં અને વૃથા આળસમાં દિવસ કહાડવા બેહેનો, એવું આળસ કરવાથી જન્મ વ્યર્થ જાય છે. માટે વિદ્યાભ્યાસ કરવો. ઇશ્વરનું સ્મરણ કરવું. ઘરનાં કામ કરવાં, પણ આળસમાં વૃથા જન્મ ગુમાવો નહીં. કેમકે ધર્મ, અર્થ, કામ મોક્ષ એ ચાર પુરૂષાર્થો માટે મનુષ્ય જન્મ છે. આળસમાં પડી રહેવાથી કોઇ પુરૂષાર્થ મળે નહીં. માટે ઉદ્યમ કરવાનો સ્વભાવ રાખવો જેનો સ્વભાવ ઉદ્યમ કરવાનો છે. તે કયારે પણ દુઃખી થાય નહીં. અને જેનો સ્વભાવ આળસુ છે તેનો વ્યવહાર ઘણી મુશ્કેલીથી ચાલે છે. આળસુઓ ઘર ઘર પ્રત્યે ભટકયા કરે છે તેઓએ જો વિદ્યાભ્યાસ કર્યો હોતતો નિકૃષ્ટ એવી ભિક્ષાવૃત્તિ કરત નહીં. ભીખ માંગવાથી અનેક પ્રકારનાં અપમાન થાય છે. તે તમે જુવોછો

કે એ બધાં આળસનાં ફળ છે. કેટલીક બાઇઓ આળસુ હોવાથી તેઓને ચોરી કરવાની ટેવ પડે છે. જેથી અહિંઆજ જેલરૂપી નરક તેઓને ભોગવવું પડે છે. અને તે સજા જો ન થાય તો અંતર્યામી પરમેશ્વર તેઓને મહા "રૂર" નામના નર્કમાં નાંખે છે. માટે ક્યારે પણ આળસ કરવું નહીં, અને પરમેશ્વરનું સ્મરણ, વિદ્યાભ્યાસ, લખવું, વાંચવું, ભરત ભરવું. સિવાય બીજાં પણ વ્યવહાર પરમાર્થને સુધારનારાં કામો શીખવાં કે જેથી તમે આ લોકમાં અને પરલોકમાં કદી દુઃખી થાઓ નહીં.

૧૦ પ્યારી બેહેનો, વળી સ્ત્રીઓનું નિત્ય કામ એ છે કે ઘર સ્વચ્છ અને સુશોભિત રાખવું. વાસણો માંજી ધોઇને સાફ રાખવાં. કારણ કે મેલાં વાસણોમાં જમવાથી ચિત્તને ગ્લાનિ આવવાથી વમન થઈ જાય છે. તથા રોગાદિક ઉત્પન્ન થાય છે, તેમજ મેલાં વસ્ત્રો પહેરવાથી અને નાવા ધોવાવિના શરીરમાં ફોલ્લા, બદહજમી વિગેરે રોગો

ઉત્પન્ન થાય છે. કેટલીક બાઇઓની ટેવ એવી હોય છે કે જે વખતે સંધ્યાનો વખત થઇ જાય છે, ત્યારે રસોઇ વિગેરે કામને છોડીને તેલ બતી કરે છે, ને તે હાથની સફાઇ ન કરી ને કામ કરવા મંડી જાય છે. તેથી શરીરમાં ક્ષયાદિક રોગો થાય છે. માટે હમેશાં સંધ્યાથી પેહેલાં બતીની તૈયારી કરી રાખી હોયતો તેઓને કેવું સુખ થાય ?

૧૧ બેહેનો રસોઇનું કામ તો અવશ્યનું છે. તેમાં પુરૂં મન લગાડયા વિના તે થઈ શકતું નથી. માટે રસોઈ કરવાની વખતે રસોઇનું કામ મૂકીને બહાર જવું નહીં. અને જે કાંઈ ચીજ કરવી તે સારી સુધારીને સ્વચ્છતાથી કરવી કે જેને જોવાથી મન પ્રસન્ન થાય અને જમવાથી સ્વાદિષ્ટ લાગે. કહેવત છે કે જેની રસોઇ બગડી તેનો દિવસ બગડયો, જેનું અથાણું બગડયું તેનું વરસ બગડયું, જેની સ્ત્રી બગડી તેનો જન્મ

બગડયો, અને જેણે પરમેશ્વરને ન ભજ્યા તેનું તો સર્વસ્વ બગડયું.

૧૨ સુજ્ઞ બેહેનો, કેટલીક બાઇઓનો સ્વભાવ એવો હોય છે કે પાંચ સાત ભેગી મળીને પોતાના ઘરની તમામ હાલત કહી દેછે કે અમારાં ઘરમાં આ ચીજ નથી, ફલાણી ચીજ નથી, એમ કહી પોતાનાં ઘરની હાલત દર્શાવે છે, પણ તેમ કહેવાથી કોઇ આપતુ નથી. નાહક ઘરની ઉઘાડ થાય છે. તે વખતે સાંભળનારીઓ તેની હાંસી કરીને પછવાડે નિંદા કરેછે માટે તેમ કરવું નહી.

૧૩ પ્યારી બેહેનો, તમે જે ઉત્તમ ધર્મ, કર્મ કરવાને ઇચ્છો છો તે જલદીથી કરી લેવાં. કેમકે સંસાર ક્ષણભંગુર છે. શરીરનો ભરોસો નથી. કાલ સુધી રહે કે ન રહે. મનની મનનાંજ રહી જાય. માટે ઉત્તમ કર્મો કરવામાં વિલંબ કરવો નહી.

૧૪ જ્યારે તમે પોતાનાં સંતાન ઉપર પ્રીતિ રાખોછો ત્યારે તમે તેને ઉત્તમ ધર્મ કર્મને ઉત્તમ

વિદ્યા સદા શીખાડો. જેમ ઉત્તમ પુરૂષો ધર્મ કર્મને વિદ્યાથી સુખી થયા છે ને થાય છે તેમ તમારાં સંતાન પણ સુખી થશે. વલી પોતાનાં પુત્ર પુત્રીપાસે તમે કદી ખોટું બોલો નહીં. અને તેની સામે કોઇ એવાં માઠાં કર્મ કરો નહીં કે જેથી તેઓને ખોટું બોલવાનો અને માઠાં કર્મ કરવાનો સ્વભાવ પડી જાય. વલી તમે પોતાનાં પુત્ર પુત્રીઓને નિત્ય શૌચ સ્નાન કરાવી ઉત્તમ સ્વચ્છ વસ્ત્ર પેહેરાવો કે જેથી કોઇપણ રોગ થાય નહીં અને સ્ફૂરતીવાળાં ને ધર્માત્મા થાય. વલી તમે પોતાનાં સંતાનને કદી સોનારૂપાંના ભૂષણ પહેરાવો નહીં. સંતાનને ઉત્તમ ભૂષણ તો વિદ્યા અને ઉત્તમાચરણ છે. વિદ્વાનને ઉત્તમાચરણવાળાને શોભા પ્રાપ્ત થાયછે. મુર્ખ દુરાચરણવાળાને થતી નથી. માટે પોતાનાં સંતાનને વિદ્યાને ઉત્તમાચરણ, ઇશ્વર ભક્તિરૂપી ભૂષણ ધારણ કરાવો. બાહારનાં સોનારૂપાંનાં ભૂષણ પહેરાવ્યાથી હજારો બાલકોના મરણ થયાં

ક્ષે ને થાય છે. તે તમે જુઓછો. માટે બાળ-
કોનાં રક્ષણ માટે બાહારનાં ભૂષણ પહેરાવવાં નહીં.

૧૫ પ્યારી બેહેનો, ઘણી બાઇઓનો એવો સ્વભાવ હોય છે કે પરસ્પર વાતો કરવામાં વ્યર્થ કાળ ગુમાવે છે અને એક બીજાંની નિંદા અને સ્પર્દ્ધા કરે છે. તેમ કરવું નહીં. કેમકે વ્યર્થ વાર્તાહલાપથી પોતાનો અમૂલ્યસમય વ્યર્થ જાય છે. અને નિંદા કરતાં જાય છે. એટલુંજ નહીં પરંતુ બીજા કેટલાક કજીઆ થઇ પડે છે. વલી તમે જેની નિંદા કરો તેને અવશ્ય ખબર પડે છે. ત્યારે તે પુરૂષ કે બાઇ તમારી સાથે જરૂર કજીઓ કરશે અને શત્રુ બનશે. માટે ઉપર લખી વાતથી ઉપરામ રહી કોઇને શત્રુ કરવા નહીં. મિત્ર મેળવવા કારણ કે ઘણા મિત્ર વાળાંને ઘણું સુખ મળે છે. અને શત્રુવાળાંઓને ઘણાં દુઃખો થાય છે. કેટલીક બાઇઓનો સ્વભાવ એવો હોય છે કે બીજાનાં રૂપ, ધન, ભૂષણ, વસ્ત્ર

વિગેરે જોઇ ઇર્ષા કરે છે. ને પોતાનાં રૂપ, ધનાદિક જોઇ અભિમાન કરે છે. તેમ કરવું નહીં, કેમકે રૂપ ધનાદિ સર્વે પદાર્થો અનિત્ય ક્ષણભંગુ છે. એ બધાં અહીંજ રહેવાવાળાં છે. પરલોકમાં સાથે ધર્માધર્મ આવવાવાળાં છે. પોતાના કે પરનારૂપ ધનાદિક જોઇ ઇર્ષા કે અભિમાન કરવું નહીં. મહર્ષિ મનુમહારાજે એમ લખ્યું છે કે મનુષ્યોનો પરમ મિત્ર તો ધર્મજ છે. કે જે આ શરીરના નાશ થયા પછી પરલોકમાં પણ સાથે જાય છે. બીજા શરીર સહિત જેટલા પદાર્થો છે તે બધા નાશ પામે છે. માટે ધર્મમાં હમેશ પ્રેમ રાખવા. અને રૂપ ધનાદિકની ઇર્ષાને અભિમાન કરવું નહીં.

૧૬ વહાલી બેહેનો, ભગવદ્ગીતામાં એમ લખ્યું છે કે જે પુરૂષ કે સ્ત્રીઓ આ સંસારમાં કામ ક્રોધાદિકના વેગને સહન કરે છે. અર્થાત્ કે તેઓને આધીન થતાં નથી તેઓ આ લોકમાં ને

પરલોકમાં સુખી થાય છે. માટે કામ ક્રોધને આધીન થવું નહીં.

૧૭ બેહેનો, જ્યારે તમે અતિથિ, અભ્યાગત, મહાત્મા, આવે ત્યારે તેનો અન્ન જળથી યથાશક્તિ સત્કાર કરો છો. પણ અભ્યાગત વિદ્વાન ઉત્તમ પુરૂષ હોય ત્યારે તેનોજ સત્કાર વિશેશ કરવો. કેવળ ભોજન ભટનો સત્કાર કરવામાં હાનિ છે. વળી સંબંધિઓનો પણ યથાયોગ્ય સત્કાર કરવો. મહાત્માઓના સત્કારથી પરમેશ્વર પ્રસન્ન થાય છે. ને બંધુઓનો સત્કાર કરવાથી બંધુલોકો પ્રસન્ન થાય છે, માટે તેઓનો સત્કાર કરવો.

૧૮ પરમેશ્વર, મૃત્યુ અને પોતાની આબરૂથી જે બાઈ બીએ છે તેનાથી માઠાં કર્મ થાય નહીં. માટે ઉપરની ત્રણ વાતોથી ભય રાખવો.

૧૯ કહેલી વાત, ગએલો સમય અને ગએલી આબરૂ પાછી મળે નહીં. માટે તેની સંભાળ રાખવી.

૨૦ મારી સુજ્ઞ બેહેનો, બીજાના દોષ જોઈ પોતે મનમાં ખુશી થવું નહીં. કેમકે નિર્દોષ એક પરમેશ્વરજ છે. બીજામાંતો કાંઇને કાંઈ દોષ-તો જરૂર હોયજ.

૨૧ જેને પરમેશ્વરે ધન આપ્યું છે, અને વિદ્યા આપી છે, તે ધનનો વ્યય ઉત્તમ પાત્ર, વિદ્વાન, પરોપકારી, તથા ધર્માત્માને આપવામાં કરતો નથી. ને વિદ્યાના અધિકારીને વિદ્યા પ્રીતિથી ભણુવાતો નથી. તેની વિદ્યા કે દ્રવ્ય નિષ્ફળ જાણવાં. કેટલાંકતો ધન પામીને બિલકુલ આંધળાંજ બની જાય છે. એટલે હુંજ ધનીછું એમ સમજે છે. પણ તે જાણતો નથી કે આ ધન ક્યાં સુધી રહેશે? જ્યારે કાળ આવશે ત્યારે આ બધું અહીંજ રહી જશે. માટે દ્રવ્ય પામીને તેમાંજ લીન થાવું નહીં ને સુપાત્ર ને દેવું ખાવું કે ખરચવું.

૨૨ સત્સંગ કરવો ત્યારે વિદ્યાવન્તા સુશીલા

બાઇનો કરવો. પણ મૂર્ખી અને દુઃશીલા બાઇ-ઓનો સંગ કરવો નહીં.

૨૩ બેહેનો, થોડું બોલવું, થોડું ખાવું. બાલચાપણુ થોડી રાખવી, ઝાઝો ક્રોધ કરવો નહીં, અતિનિદ્રાવશ થવું નહીં. ઇત્યાદિક સમજુનાં કામ છે.

૨૪ સુજ્ઞ બેહેનો, જે કોઇ બીજાનું બુરૂં કરે છે તેનું પરમેશ્વર બુરૂં કરે છે. તેનું સારૂં થાયજ નહીં. માટે કોઇનું બુરૂં કરવું નહીં અને કોઇનું બુરૂં થવા મનમાં પણ ચિંતવન કરવું નહીં અને જે વાત કરવાથી બુરૂં થતું હોય તો તે વાત પણ કરવી નહીં, મૌન રહેવું.

૨૫ બેહેનો, એક દિવસ એવો આવશે કે જેઓ ઘરમાં આસક્તિ ધરાવે છે તે કાઢીને બહાર લઇ જશે ત્યારે ભલાઇના કામોવિના બીજું કોઇ કામ સાથે આવશે નહીં. માટે એવાં ભલાઇનાં કામો અવશ્ય કરવાં જોઇયે. કે જે સાથે ચાલે.

૨૬ નેકીમાં તમને મહેનત પડે તોપણ તે કરવી કારણકે તે મેહનતમું ફળ રહેશે નહીં, નેકી રહી જશે. અને બુરાઇ કરી પાછી ખુશી પેદા કરશો તો ખુશી રહેશે નહીં. બુરાઇની બુરાઇજ રહેશે.

૨૭ વહાલી બેહેનો, જે માણુસ શત્રુથી બીએ છે. તેમ પરમેશ્વરથી હમેશાં બીએ તો તેનો કોઇ શત્રુ રહેજ નહીં. જ્યારે પરમેશ્વર પ્રસન્ન થાય છે ત્યારે સંપૂર્ણ જગત વેરી થઇ જાય તો-પણ કાંઇ કરી શકે નહીં.

૨૮ પ્યારી બેહેનો, કેટલાંક માણસો એવા વેહેમમાં રહે છે કે અમને કોઇ સાધુ, સંત, ત્રાંબાનું સોનું કે કલાઇનું રૂપું બનાવી દેતો દરિદ્રતા દુર થઇ જાય, તથા સંતાન પ્રાપ્તિ થવા માટે સાધુ સંત યોગી વિગેરેની સેવા કરે છે. આ સંસારમાં એવા ઢોંગીઓ ઘણા છે. તેઓ રૂપાનું સોનું કરી દેવાને બદલે બાકી રહેલું દ્રવ્ય હોય તે પણ જપ્ત કરીને લઇ જાય છે. માટે

તેઓની દૂર રહેવું કેમ જે ઘણાં બેઅક્કલ માણસો આ ઢોંગમાં તણાઇ ગયેલ છે. માટે એવા રસાયણી સાધુ સંતકે બ્રહ્મચારી બ્રાહ્મણ વગેરેને વેષે ફરનારા ધુતારા સમજી તેઓનો સંગ કરવો નહીં. કેટલાએક સાધુ વગેરે પુત્ર પુત્રી કે ધન દોલત આપવાનું કહી તમારી પાસેથી અન્નવસ્ત્ર કે રૂપિઆ લઇ પોતાનું ગુજરાન ચલાવે છે. સુજ્ઞ બેહેનો, જરા વિચાર કરોકે તેઓનું એટલું સામર્થ્ય છે કે પુત્ર આપે છે ત્યારે તમારી પાસેથી દ્રવ્ય કે અન્ન વસ્ત્રાદિક શામાટે માંગે છે! માટે એવાને ધુતારા સમજવા. વળી કેટલાક કાન ફડાવીને ફર્યા કરે છે. કેટલાક ગરમીમાં ધુણી તાપે છે. ને ભોઢાનાં કાંટાઓંપર સુવે છે. કેટલા એક ગાંજા, તમાકુ, ભાંગ, અફીણ, વગેરે નિશા કરી તેમાંજ ગુલતાન રહે છે. માથા ઉપર લાંબી રાંઢવાં જેવાં જટા ધારણ કરી ફર્યા કરે છે. કેટલાએક શરીર પર ખાખ લગાડે છે. આઠે પહોર નિશામાં રહી ચુલમનીજ

પૂજા કરે છે. જેઓએ પોતાના સ્વભાવનેજ સ્વાધીન નથી કર્યો, એવા નિશાબાજ થઇ ગયા કે પોતાનાં કર્તવ્યાકર્તવ્યની ખબર નથી. તેઓથી પોતાનું શ્રેય પણ નથી બની શકતું, ત્યારે બીજાનું તો ક્યાંથી થાય? માટે એવાઓથી જે પુત્ર ધન દોલતની પ્રાપ્તિ થવાની આશા રાખે છે તેથી મોટો બીજો અક્કલનો અંધો કોણ છે! જેથી સાવચેત રહી એવા ધુત્તાઓનો તિરસ્કાર કરવો તથા બીજાઓને પણ એવી જાળમાં ફસતાં પહેલાં ચેતવણી આપવી.

પ્યારી બેહેનો, તમે પરમેશ્વરને સર્વ શક્તિમાન સમજી તેનું સ્મરણ કરો.

સર્વ જગતો રચનાર, સર્વેને પાળનાર, સર્વેનો પ્રલય કરનાર, અનંત ઉપકાર કરનાર, સદા નિર્વિકાર, નિરાકાર, સર્વેનો આધાર, દય... ...કાર. મંગળમય, મંગળ કરનાર, સ્વભક્તોનું કલ્યાણ કરનાર. સર્વેની ક્ષણ ક્ષણની વાત સાંભળનાર,

સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જલ, વાયુ, આકાશ, અગ્નિ અને ગ્રહ નક્ષત્રાદિકોને રચનાર અને સર્વને આજ્ઞામાં ચલાવનાર, અજન્મા, અજર, અમર, નિત્ય, પવિત્ર, ન્યાયકારી, અતુલ પરાક્રમી, સદાનંદસ્વરૂપ, સર્વત્રવ્યાપક, વિશ્વંભર. અસંખ્ય બ્રહ્માંડોમાં સર્વનારક્ષક, અનુપમ મહાપ્રભુ, અનાદિઅનંત, અભય, સર્વને પૂજવા યોગ્ય, એવા પરમેશ્વરની ભક્તિ કરવી જોઇએ. તેની ભક્તિ કર્યાવિના આ મનુષ્ય જન્મ વ્યર્થ છે. જેણે સર્વે સુખ આપ્યાં છે તેને ભુલી જાઇએ તો આપણે મહાકૃતઘ્ની કહેવાઇએ. વલી એવા મોટા ઉપકાર કરનારને જે ભુલી જાય તેવા કૃતઘ્નીને જન્મ મરણાદિ અનેક દુઃખો થાય છે એમાં આશ્ચર્ય નથી.

૩૦ મારી વહાલી બેહાનો, હવે ધર્મ અધર્મનું સંક્ષેપથી સ્વરૂપ કહું છું, તે તમે સાંભળો. તે ધર્મ એટલે પુણ્ય વેદોક્ત ઉત્તમ કર્મનું નામ છે. જેવું કે સત્યભાષણ, યજ્ઞ, દાન, પુરૂષાર્થકાર, તપ, સ્વા-